
# તમારા બાળકના શિક્ષણને આકારણી, મૂલ્યાંકન અને હેવાલ દ્વારા સહારો

આકારણી અને મૂલ્યાંકનનો હેતુ વિદ્યાર્થીનું શિક્ષણ સુધારવાનો છે.







## ૨૦૧૦-૨૦૧૧ના શાળા વર્ષની શરૂઆતથી ઓન્ટેરિઓના વિદ્યાર્થીઓ નવા અને સુધારેલા પ્રાન્તિક રિપોર્ટ કાર્ડ (હેવાલ પત્રો) ઘરે લઇ આવશે. આ ફેરફારો *Growing Success* (વધતી સફળતા) નામની સરકારની વિદ્યાર્થી સિદ્ધિની આકારણી કરવાની, મૂલ્યાંકન કરવાની અને હેવાલ આપવાની અદ્યતન નીતિના ભાગરૂપે છે.

### માતા કે પિતા તરીકે હું કઇ ભૂમિકા ધરાવું છું?
અમે જાણીએ છીએ કે તમે, એક માતા કે પિતા અથવા વાલી તરીકે, તમારા બાળકના શિક્ષણમાં આવશ્યક ભાગીદારો છો, અને જ્યારે તેમના માતાપિતા સમાવિષ્ટ હોય છે ત્યારે બાળકો શાળામાં વધારે સારુ કરે છે.

અમે જાણીએ છીએ કે તમને તમારું બાળક શાળામાં કેવુ કરી રહ્યું છે તે વિષે સ્પષ્ટ, અર્થસભર અને સમજી શકાય તેવી જાણકારી જોઇએ છે. અમે જાણીએ છીએ કે તમને તમારા બાળકના શિક્ષક તરફથી શાળાના આખા વર્ષ દરમિયાન નિયમિત જાણવુ હોય છે. આ નીતિ – તેના નવા રિપોર્ટ કાર્ડ દ્વારા – તે સંભવિત કરશે.

### એલિમેન્ટ્રીના વિદ્યાર્થીઓ માટે જુદું શું છે?
આ શાળા વર્ષની શરૂઆત પછી, ધોરણ ૧ થી ૮ના એલિમેન્ટ્રીના વિદ્યાર્થીઓ પાનખરનો નવો પ્રગતિનો રિપોર્ટ કાર્ડ અને બે સુધારાયેલ પ્રાન્તિક રિપોર્ટ કાર્ડ, એક શિયાળામાં અને એક શાળા વર્ષના અંતે ઘરે લઇ આવશે.

નવો <u>પાનખરનો પ્રગતિનો રિપોર્ટ કાર્ડ</u>:

- તમારી અને તમારા બાળકના શિક્ષકની વચ્ચે સમયસરની અને ચાલુ રહેતી માહિતીની આપ લે પ્રોત્સાહિત કરે છે
- અમે સફળતા માટે જે જરૂરી શિક્ષણની કુશળતાઓ અને કામ કરવાની આદતો જાણીએ છીએ તે તમારું બાળક કેટલી સારી રીતે વિકસાવી રહ્યું છે તે તમને જણાવે છે
- બધા જ્ઞાન સંબંધી વિષયો પર હેવાલ આપવાનું ચાલુ રાખે છે – જેમ કે ભાષા, ગણિત, સમાજશાસ્ત્ર, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિજ્ઞાન – પણ કામની ગુણવત્તાનો આંક કે માર્ક મુકરર કરવાને બદલે, તે તમને જણાવશે કે તમારું બાળક કેટલી સારી રીતે પ્રગતિ કરી રહ્યું છે – “very well” ("ખૂબ સારી"), “well” ("સારી") કે “with difficulty” ("મુશ્કેલીથી")
- મૂલ્યાંકનો પૂર્ણ થાય તે પહેલા શક્તિઓ અને સુધારા કરવાના વિસ્તારો પર ભાર મૂકે છે
- તમારા બાળકના શિક્ષકની ટિપ્પણીઓ જે વ્યક્તિગત રીતે આપવામાં આવી હોય, સ્પષ્ટ અને અર્થસૂચક હોય તેનો સમાવેશ કરે છે.

<u>સુધારવામાં આવેલો એલિમેન્ટ્રીનો પ્રાન્તિક રિપોર્ટ કાર્ડ</u>:

- શિક્ષણની કુશળતાઓ અને કામ કરવાની ટેવો પર પણ ભાર મૂકે છે અને દાખલાઓ આપે છે
- શિક્ષકોને અર્થસૂચક, સ્પષ્ટ અને વ્યક્તિગત રીતે આપવામાં આવી હોય તેવી ટિપ્પણીઓ ઉમેરવા માટે પૂરતી જગ્યા છે જેથી તમે સમજી શકો કે તમારું બાળક કેટલુ સારુ કરી રહ્યું છે
- ધોરણ ૧ થી ૬ માટે અક્ષર ગુણનો અને ધોરણ ૭-૮ માટે ટકા માર્કનો ઉપયોગ કરે છે જેથી તમે સ્પષ્ટ સમજી શકો કે તમારું બાળક કેટલુ સારુ કરી રહયું છે
- તમે તામારા બાળકના ભણતરને ઘરે કઇ રીતે ટેકો આપી શકો છો તેના પર સૂચનો આપે છે.

## મારુ બાળક આ એલિમેન્ટ્રીના પ્રાન્તિક રિપોર્ટ કાર્ડ ઘરે ક્યારે લઇ આવશે?

એલિમેન્ટ્રીના ધોરણોના રિપોર્ટ કાર્ડ માટે હેવાલ આપવાના ત્રણ ઔપચારિક અને જરૂરી સમયગાળા હોય છે.

1. નવો પાનખરનો રિપોર્ટ કાર્ડ ઓક્ટોબર ૨૦ અને નવેમ્બર ૨૦ની વચ્ચે બહાર પાડવામાં આવશે.
2. પ્રથમ પ્રાન્તિક રિપોર્ટ કાર્ડ જાન્યુઆરી ૨૦ અને ફેબ્રુઆરી ૨૦ની વચ્ચે બહાર પાડવામાં આવશે.
3. દ્વિતિય પ્રાન્તિક રિપોર્ટ કાર્ડ શાળા વર્ષના અંતમાં બહાર પાડવામાં આવશે.

ચોક્કસ તારીખો શાળાના વ્યક્તિગત બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવે છે.

## સેકન્ડરીના પ્રાન્તિક રિપોર્ટ કાર્ડ બદલાયા છે?

હા. સેકન્ડરીના પ્રાન્તિક રિપોર્ટ કાર્ડના સુધારાઓમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- શિક્ષણની જરૂરી કુશળતાઓ અને કામ કરવાની ટેવો પર દાખલાઓ સાથે વધારે ભાર
- સિદ્ધિઓના જુદા સ્તરો અને તેની કઇ રીતે ટકાના માર્કમાં તુલના થાય તે વિષે વધારાની માહિતી
- શિક્ષકની ટિપ્પણીઓ જે સ્પષ્ટ,વ્યક્તિગત અને અર્થસૂચક હોય.

આવશ્યક શિક્ષણની કુશળતાઓ અને કામ કરવાની ટેવો
ઓન્ટેરિઓના ધોરણ ૧ થી ૧૨ના બધા રિપોર્ટ કાર્ડમાં હવે શિક્ષણની છ કુશળતાઓ અને કામ કરવાની ટેવો પર ભાર મૂકવામાં આવે છે :

- જવાબદારી
- સંયોજન
- સ્વતંત્ર રીતે કામ કરવુ
- સાથે મળીને કામ કરવુ
- પહેલવૃત્તિ
- જાતે નિયમિત રહેવું

Ontario Ministry of Education

# Elementary Progress Report Card

[Board logo]

**Date:**

| Student: | | OEN: | Days Absent: | Total Days Absent: |
|---|---|---|---|---|
| Grade: | Teacher: | | Times Late: | Total Times Late: |

| Board: | School: | |
|---|---|---|
| Address: | Address: | |
| | Principal: | Telephone: |

[Space for Board Information]

1

ખુલ્લી જગ્યા જ્યાં પ્રત્યેક શાળા બોર્ડ તેમના પોતાના ઉપયોગ પ્રમાણેના ફેરફાર કરી શકે છે. જે પ્રકારની માહિતી ઉમેરી શકાય છે તેમાં બોર્ડનું દૂરદૃષ્ટિનું કથન, જીવન લક્ષ્ય કે શૈક્ષણિક લક્ષ્યોનો સમાવેશ થાય છે.

## Learning Skills and Work Habits

E – Excellent G – Good S – Satisfactory N – Needs Improvement

**Responsibility**
- Fulfils responsibilities and commitments within the learning environment.
- Completes and submits class work, homework, and assignments according to agreed-upon timelines.
- Takes responsibility for and manages own behaviour.

**Organization**
- Devises and follows a plan and process for completing work and tasks.
- Establishes priorities and manages time to complete tasks and achieve goals.
- Identifies, gathers, evaluates, and uses information, technology, and resources to complete tasks.

**Independent Work**
- Independently monitors, assesses, and revises plans to complete tasks and meet goals.
- Uses class time appropriately to complete tasks.
- Follows instructions with minimal supervision.

**Collaboration**
- Accepts various roles and an equitable share of work in a group.
- Responds positively to the ideas, opinions, values, and traditions of others.
- Builds healthy peer-to-peer relationships in person and through personal and media-assisted interactions.
- Works with others to resolve conflicts and build consensus to achieve group goals.
- Shares information, resources, and expertise, and promotes critical thinking to solve problems and make decisions.

**Initiative**
- Looks for and acts on new ideas and opportunities for learning.
- Demonstrates the capacity for innovation and a willingness to take risks.
- Demonstrates curiosity and interest in learning.
- Approaches new tasks with a positive attitude.
- Recognizes and advocates appropriately for the rights of self and others.

**Self-Regulation**
- Sets own individual goals and monitors progress towards achieving them.
- Seeks clarification or assistance when needed.
- Assesses and reflects critically on own strengths, needs, and interests.
- Identifies learning opportunities, choices, and strategies to meet personal needs and achieve goals.
- Perseveres and makes an effort when responding to challenges.

**Strengths/Next Steps for Improvement**

3

શક્તિઓ/હવે પછીના સુધારા માટેના પગલા:
શિક્ષકો વ્યક્તિગત અને સમજવામાં સરળ ટિપ્પણીઓ ઉમેરશે જે વિદ્યાર્થીની છ શિક્ષણની કુશળતાઓ અને કામ કરવાની ટેવોમાં તેની પ્રગતિની ચર્ચા કરે છે.

83-0465E (2010/01) © Queen's Printer for Ontario, 2010 **Grades 1–6** Page 1 of 2

2

પાનાંની ઊભી કટાર જ્યાં શિક્ષકો વિદ્યાર્થીઓની છ શિક્ષણની કુશળતાઓ અને કામ કરવાની ટેવોનો હેવાલ આપવા અક્ષર ચિહ્ન ઉમેરશે.

E – excellent (ઉત્તમ)
G – good (સરસ)
S – satisfactory (સંતોષકારક)
N – needs improvement (સુધારાની જરૂર છે)

Student: OEN: Grade:

**ESL/ELD**– Achievement is based on expectations modified from the curriculum expectations for the grade to support English language learning needs.
**IEP**– Individual Education Plan
**NA** – No instruction for subject/strand

| Subjects | Progressing With Difficulty | Progressing Well | Progressing Very Well | Strengths/Next Steps for Improvement |
|---|---|---|---|---|
| **Language** Reading, Writing, Oral Communication, Media Literacy ☐ ESL/ELD ☐ IEP ☐ NA | | | | |
| **French** ☐ ESL/ELD ☐ IEP ☐ NA ☐ Core ☐ Immersion ☐ Extended | | | | |
| **Native Language** ☐ ESL/ELD ☐ IEP ☐ NA | | | | |
| **Mathematics** ☐ ESL/ELD ☐ IEP ☐ French | | | | |
| **Science and Technology** ☐ ESL/ELD ☐ IEP ☐ French | | | | |
| **Social Studies** ☐ ESL/ELD ☐ IEP ☐ French | | | | |
| Health and Physical Education – **Health Education** ☐ ESL/ELD ☐ IEP ☐ French | | | | |
| Health and Physical Education – **Physical Education** ☐ ESL/ELD ☐ IEP ☐ French | | | | |
| The Arts – **Dance** ☐ ESL/ELD ☐ IEP ☐ French ☐ NA | | | | |
| The Arts – **Drama** ☐ ESL/ELD ☐ IEP ☐ French ☐ NA | | | | |
| The Arts – **Music** ☐ ESL/ELD ☐ IEP ☐ French ☐ NA | | | | |
| The Arts – **Visual Arts** ☐ ESL/ELD ☐ IEP ☐ French ☐ NA | | | | |
| ☐ ESL/ELD ☐ IEP ☐ French ☐ NA | | | | |

5

શક્તિઓ/હવે પછીના સુધારા માટેના પગલા: અત્યાર સુધી વિષયોના અભ્યાસક્રમની અપેક્ષાઓ સંતોષવા તરફ વિદ્યાર્થી કઇ રીતે પ્રગતિ કરી રહ્યો છે, મહત્વના પગલા, મુશ્કેલ પડતા વિસ્તારો ઓળખી કાઢવા અને સુધારા માટેના હવે પછીના પગલા ઉપર શિક્ષકની ટિપ્પણી.

**To Parents/Guardians and Students:** This copy of the progress report card should be retained for reference. The original or an exact copy has been placed in the student's Ontario Student Record (OSR) folder and will be retained for five years after the student leaves school.

Teacher's Signature X Principal's Signature X

*[Space Designated for Board]*

6

ખુલ્લી જગ્યા જ્યાં પ્રત્યેક શાળા બોર્ડ તેમના પોતાના ઉપયોગ પ્રમાણેના ફેરફાર કરી શકે છે. માહિતી/ઉપયોગોના દાખલાઓમાં વધારાની ટિપ્પણીઓ આપવી, વિદ્યાર્થી અથવા માતા કે પિતાની સાથે મુલાકાતની વિનંતી કરવી, હવે પછીના પગલાની રૂપરેખા આપવી, શાળાની પ્રવૃત્તિઓ વિષેની માહિતી વહેંચવાનો સમાવેશ થાય છે.

83-0465E (2010/01) © Queen's Printer for Ontario, 2010 **Grades 1–6** Page 2 of 2

4

પાનાંની ઊભી કટાર જેમાંનું એક ખાનું શિક્ષકો હેવાલ આપવા પસંદ કરશે કે વિદ્યાર્થી "with difficulty" ("મુશ્કેલીથી"), "well" ("સારી રીતે") કે "very well"("ખૂબ સારી રીતે"), અમુક વિષયમાં પ્રગતિ કરી રહ્યો છે કે નહીં, દાખલા તરીકે ગણિત, વિજ્ઞાન, સમાજશાસ્ત્ર, ભાષા, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ.

## સેકન્ડરીના વિદ્યાર્થીઓ પ્રાન્તિક રિપોર્ટ કાર્ડ ઘરે ક્યારે લઇ આવશે?

ભૂતકાળની જેમ, સત્રવાળી શાળાઓ સત્રદીઠ બે વાર રિપોર્ટ કાર્ડ ઘરે મોકલશે. સત્ર વિનાની શાળાઓ વર્ષમાં ત્રણ વાર રિપોર્ટ કાર્ડ બહાર પાડશે.

ચોક્કસ તારીખો શાળાના વ્યક્તિગત બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવે છે.

## શિક્ષકની ટિપ્પણીઓ સમજવા માટે સરળ હશે?

હા. બધા નવા રિપોર્ટ કાર્ડમાં હવે શિક્ષકો માટે તમારા બાળકને શું આવડે છે અને કરી શકે છે તે વિષે ટિપ્પણીઓ ઉમેરવા માટે મોટી જગ્યાનો સમાવેશ થયો છે. તેઓ આ જગ્યાનો ઉપયોગ શક્તિઓને વર્ણવવા અને સુધારા માટેના હવે પછીના પગલા તેમ જ તેમના પોતાના નિરીક્ષણ અને વ્યક્તિગત ટિપ્પણીઓ ઉમેરવા માટે કરી શકે છે.

## મને મારા બાળકના શિક્ષક તરફથી અન્ય સમયે પણ જાણકારી મળશે?

સંપૂર્ણ શાળા વર્ષ દરમિયાન તમને તમારા બાળકના શિક્ષક તરફથી નિયમિત જાણકારી મળવી જોઇએ. રિપોર્ટ કાર્ડ સિવાય, અન્ય પ્રકારની માહિતીની આપલેમાં માતાપિતા-શિક્ષક અથવા માતાપિતા-શિક્ષક-વિદ્યાર્થીની ચર્ચાઓ, મુલાકાતો, ફોન પર વાતચીત, મૂલ્યાંકન તપાસ સૂચિઓ અને અનૌપચારિક હેવાલોનો સમાવેશ થાય છે.

## શિક્ષકો મારા બાળકની ગુણવત્તાના આંક કઇ રીતે નક્કી કરે છે?

તમારું બાળક અભ્યાસક્રમ શીખી રહ્યું છે તેના પુરાવા માટે શિક્ષકો સોંપવામાં આવેલા કામ, કસોટીઓ, પરીક્ષાઓ, રજુઆતો અને યોજનાપૂર્વક સોંપવામાં આવેલા કામોને જુએ છે.

આ શિક્ષણ એટલે ફક્ત હકીકતો જાણવા કરતા વધારે. વિદ્યાર્થીઓએ માહિતીની આપ લે દ્વારા અને તેઓ જે શીખ્યા હોય તેને લાગુ પાડીને તેઓ શું શીખી રહ્યા છે તેની સમજણ પણ બતાવવી જોઇએ. તેમણે કટોકટીમાં વિચારવાની ક્રિયા અને મુશ્કેલીના ઉકેલની આવડતો પણ દર્શાવવી જોઇએ.

અધ્યયન, અવધિ કે સત્રના એકમના અંતે કામની ગુણવત્તા પર વિશેષ ધ્યાન આપીને બધા કામનું પરીક્ષણ થાય છે. શિક્ષકો ફક્ત સરેરાશ ગુણોની ગણતરી નથી કરતા. કસોટીઓ અને યોજનાપૂર્વક સોંપવામાં આવેલા કામોને જોવાની સાથે, તેઓ આખરી ગુણ વિષે નિર્ણય લેતા પહેલા જેટલી બને તેટલી માહિતી ભેગી કરવા માટે તમારા બાળક સાથે વાતચીત પણ કરે છે અને તેને વર્ગખંડમાં બારીકાઇથી નિહાળે પણ છે.

## ગૃહકાર્યનો શું ઉપયોગ કરવામાં આવે છે?

ચાલુ રહેતા ગૃહકાર્યનો ઉપયોગ ભણવાની અને વ્યવસ્થાને લગતી કુશળતાઓને વિકસાવવા, જ્ઞાનને સંયુક્ત બનાવવા અને હવે પછીના વર્ગ માટે તૈયારી કરવા માટે થાય છે. તે પ્રબળ શિક્ષણની કુશળતાઓ અને કામ કરવાની ટેવોને વિકસાવવામાં પણ મદદ કરે છે, જે પ્રાન્તિક રિપોર્ટ કાર્ડમાં પ્રતિબિંબિત થાય છે.

## મારા બાળકના ધોરણ ૧ થી ૮માં પ્રાન્તિક રિપોર્ટ કાર્ડમાં “R” નો શું અર્થ થાય છે?

“R” એટલે વિસ્તૃત ઉપાયની જરૂર છે કારણકે જરૂરી કુશળતાઓ અને વિષયનું જ્ઞાન સંતોષાયા નથી. તમારા બાળકને માટે જરૂરી જ્ઞાન અને કુશળતાઓ પ્રાપ્ત કરવામાં સહારો આપવા માટે તમારા બાળકના શિક્ષકની સાથે મળીને કામ કરવુ મહત્વનું છે.

## મારા બાળકના ધોરણ ૧ થી ૧૦માં પ્રાન્તિક રિપોર્ટ કાર્ડમાં “I” નો શું અર્થ થાય છે?

“I” એટલે શિક્ષક પાસે ગુણ કે માર્ક મુકરર કરવા માટે પૂરતી માહિતી હતી નહીં. દાખલા તરીકે, જો તમારા બાળકે હમણાં શાળાઓ બદલી હોય અથવા તેને લાંબા સમયની માંદગી આવી હોય, તો આ બની શકે છે.

## છેતરપિંડી કે બીજાના વિચારો અથવા લખાણોની ચોરી કરવાના પરિણામો હોય છે?

હા. છેલ્લી આકારણીની નિતી સ્પષ્ટ કરે છે કે વિદ્યાર્થીઓ તેમના પોતાના કામ માટે જવાબદાર છે. છેતરપિંડી, બીજાના વિચારો અથવા લખાણોની ચોરી અને કામ પૂર્ણ નહીં કરવા માટે પરિણામો હશે, જેમાં શૂન્ય માર્ક મળવાનો સમાવેશ થઇ શકે છે. તમારી શાળાના બોર્ડને તેની છેતરપિંડી અથવા બીજાના વિચારો અથવા લખાણોની ચોરીની નીતિ વિષે પૂછો.

## કામ પૂર્ણ નહીં કરવાના કે મોડેથી રજુ કરવાના પરિણામો હોય છે?

તમારું બાળક તેના શિક્ષક દ્વારા માન્ય રાખવામાં આવેલા સમયગાળામાં તેણી શું શીખી છે કે સાધી શકી છે તે બતાવવા માટે જવાબદાર છે.

ઓન્ટેરિઓની નીતિ ઘણી વ્યૂહરચનાઓનો ઉલ્લેખ કરે છે જેનો ઉપયોગ શિક્ષકો બન્ને માટે વિદ્યાર્થીઓ ચૂકી ગયા હોય અથવા મોડેથી રજુ કર્યા હોય તેવા યોજનાપૂર્વક સોંપવામાં આવેલા કામોને અટકાવવા અને ઉદ્દેશવા માટે કરી શકે છે. વિકલ્પો અન્ય વિદ્યાર્થી દ્વારા અભ્યાસમાં વધારાનું માર્ગદર્શન અને સમય વ્યવસ્થાના પાઠ આપવાથી લઇને – યોજનાપૂર્વક સોંપવામાં આવેલા મુખ્ય કામો માટે આખી શાળાને આવરી લેતા સંચાલનના પાઠ સુધીના હોય છે.

જો તમારું બાળક બધા જ ધોરણોમાં, યોજનાપૂર્વક સોંપવામાં આવેલા કામો સતત ચૂકી જાય અથવા મોડેથી રજુ કરે, તો તે રિપોર્ટ કાર્ડના Learning Skills and Work Habits (ભણતરની કુશળતાઓ અને કામ કરવાની ટેવો)ના વિભાગમાં પ્રતિબિંબિત થઇ શકે છે. ધોરણ ૭ થી ૧૨ના વિદ્યાર્થીઓના માર્ક પણ કાપવામાં આવી શકે છે.

તમારી શાળાને તેની મોડેથી કામ રજુ કરવાની અથવા રજુઆત ચૂકી ગયા હોય તેવા યોજનાપૂર્વક સોંપવામાં આવેલા કામોની નીતિ વિષે પૂછો.

## ઓન્ટેરિઓના શિક્ષણના માનદંડો બદલાયા છે?

ના. ઓન્ટેરિઓનો અભ્યાસક્રમ વિદ્યાર્થીઓ શું જાણે છે અને બધા વિષયો અને કોર્સીસ (અભ્યાસક્રમો)માં શું કરી શકવા જોઇએ તેની અપેક્ષા સ્પષ્ટપણે બતાવે છે. પ્રત્યેક વિદ્યાર્થીને સમાન ઊચ્ચ પ્રાન્તિક માનદંડોના મુકાબલે આકારવામાં અને મૂલ્ય આંકવામાં આવે છે.

## શિક્ષણની કુશળતાઓ અને કામ કરવાની ટેવો પર વધારે ભાર આપવામાં અને તેમને વધારે પ્રાધાન્ય આપવામાં શા માટે આવી રહ્યું છે?

સંશોધન બતાવે છે કે જો વિદ્યાર્થીઓએ સેકન્ડરી પછીના શિક્ષણ અને કામની દુનિયામાં સફળ થવુ હોય તો તેમને ફક્ત હકીકતો કરતા વધારે શીખવાની જરૂર છે.

ઓન્ટેરિઓના વિદ્યાર્થીઓ પહેલવૃત્તિ કરવાનું, સ્વતંત્ર રીતે કામ કરવાનું અને આત્મનિર્ભર થઇને જૂથમાં કામ કરવાનું પણ શીખી રહ્યા છે. નવા જ્ઞાનના અર્થતંત્રમાં નોકરીઓ અને વૃદ્ધિની દરેક તક ઝડપી લેવાની કાબેલિયત માટે શાળાઓ તમારા બાળકને કટોકટીમાં વિચારવાની અને મુશ્કેલીઓના ઉકેલની કુશળતાઓ શીખવી રહી છે.

## સરકારે નવી આકારણી, મૂલ્યાંકન અને હેવાલ આપવાની નીતિ શા માટે રજુ કરી?

આકારણી, મૂલ્યાંકન અને હેવાલ આપવાનો હેતુ વિદ્યાર્થીનું શિક્ષણ સુધારવાનો છે. નવા અભિગમો શિક્ષકોને માટે વિદ્યાર્થીઓને લાભ કરાવવા માટેના નવા પડકારો અને નવી તકો હાજર કરે છે. આ નવું જ્ઞાન પ્રતિબિંબિત કરીને, Growing Success (વધતી સફળતા) શિક્ષકો જે શ્રેષ્ઠ આચરણો અને પ્રક્રિયાઓનો માતાપિતા અને વિદ્યાર્થીઓ સાથે માહિતી એકઠી કરીને વહેંચવા માટે ઉપયોગ કરે છે તેને અદ્યતન બનાવે છે અને સ્પષ્ટ કરે છે.

### પાયાના સિદ્ધાંતો

ઓન્ટેરિઓના શિક્ષકો આકારણી અને મૂલ્યાંકનના આચરણો અને પદ્ધતિઓનો ઉપયોગ કરે છે જે:

- ન્યાયી, પારદર્શક અને વાજબી હોય
- બધા વિદ્યાર્થીઓને ટેકો આપતી હોય
- સાવચેતીથી યોજવામાં આવી હોય
- વિદ્યાર્થીઓ અને માતાપિતાઓને શાળા વર્ષની શરૂઆતમાં સ્પષ્ટપણે સમજાવવામાં આવી હોય
- ચાલુ અને પરિવર્તિત હોય, અને વિદ્યાર્થીઓને તેમનું શિક્ષણ પ્રદર્શિત કરવા માટે બહુવિધ તકો પ્રદાન કરતી હોય
- સ્પષ્ટ, અર્થસૂચક અને સમયસરના પ્રતિસાદનો સમાવેશ કરતી હોય
- વિદ્યાર્થીઓને સ્વતંત્ર શિક્ષણ લેનાર બનવામાં મદદ કરનારી હોય

વધુ માહિતી અને *Growing Success* (વધતી સફળતા)ને તેની પૂર્ણતામાં જોવા માટે Ministry of Education (મિનિસ્ટ્રી ઓફ એજ્યુકેશન)ની વેબસાઇટ ontario.ca/EDUparents પર મુલાકાત લો.

Printed on recycled paper • ISBN 978-1-4435-4347-7 (Print) • ISBN 978-1-4435-4348-4 (PDF) • © Queen's Printer for Ontario, 2010